# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## અનુબંધ-૬

• ગુજરાતી સાહિત્ય પરિષદ અનુબંધ-૬નો કાર્યક્રમ ૩-૩-૨૦૧૮ના રોજ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રના પ્રમુખપદે શ્રી સરસ્વતી વિદ્યાલય સૂરતના વિદ્યાર્થીઓએ ૪-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠકસભાગૃહમાં સર્વશ્રી કવયિત્રી માયા એન્જેલુ, હરિવંશરાય બચ્ચન, પ્રસૂન જોશી, અમૃતા પ્રીતમ, 'શૂન્ય' પાલનપૂરી અને સિતાંશુ યશશ્ચંદ્રની કવિતાનું પઠન કર્યું હતું. વળી 'ગોવાલણી' 'કર્મયોગી' 'છેલ્લો પાઠ' અને 'પાછળ રહી ગયેલું ઘર' નવલિકાઓનું નાટ્યકરણ કરી મંચન કર્યું હતું.

## રવીન્દ્ર ભવન અંતર્ગત કાર્યક્રમ

• ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૯-૩-૨૦૧૮ના રોજ સાહિત્ય અંગેનો પ્રથમ 'ગોળમેજી સાહિત્ય પરિસંવાદ' યોજાયો હતો. નિરંજન ભગતના નેજા હેઠળ છેલ્લાં સોળેક વર્ષથી દર મહિને એક વાર રવીન્દ્રસાહિત્ય સંદર્ભે રવીન્દ્રભવન મળે છે. આ વખતે ભગતસાહેબ અને બીજા મિત્રોએ ચર્ચા કરી પરિષદમાં પહેલીવાર ગોળમેજી પરિસંવાદનું આયોજન કરેલું. ભગતસાહેબે તેની રૂપરેખા ઘડેલી પણ આ કાર્યક્રમ યોજાય તે પહેલાં તે આપણી વચ્ચે રહ્યા નહિ. આ સંદર્ભે રવીન્દ્રનાથના સાહિત્ય ઉપર કુલ પાંચ લેખ પસંદ કરવામાં આવ્યા, તેની પુસ્તિકા છાપવામાં આવી અને તે પસંદગીના આશરે ત્રીસ સભ્યોને પરિસંવાદના બે મહિના પહેલાં મોકલવામાં આવી હતી. તે પાંચ લેખો અને તેના મુખ્ય વિમર્શકારો નીચે મુજબ હતા.

| લેખ | લેખક | ભૂમિકા | વિવેચન |
|---|---|---|---|
| હૃદયનું ધર્મદર્શન | ઉમાશંકર જોશી | સિતાંશુ યશશ્ચંદ્ર | ધીરુ પરીખ, રાજેશ પંડ્યા |
| રવીન્દ્રનાથનું ભારતદર્શન | ભોળાભાઈ પટેલ | ચંદ્રકાન્ત શેઠ | નરોત્તમ પલાણ, શિરીષ પંચાલ |
| ગોરા | નિરંજન ભગત | સુજ્ઞા શાહ | ભરત મહેતા, રઘુવીર ચૌધરી |
| પ્રેમનાં બે ભિન્ન રૂપઃ 'ચંડાલિકા' અને 'શ્યામા' | અનિલા દલાલ | અનિલા દલાલ | દક્ષા વ્યાસ, પ્રસાદ બ્રહ્મભટ્ટ |
| ગાંધીજી અને ગુરુદેવઃ એક રહસ્યમય સમસ્યા | શૈલેષ પારેખ | – | ત્રિદીપ સુહૃદ, રાજેન્દ્ર પટેલ |

દરેક વિમર્શકારને વધુમાં વધુ દશ મિનિટ ફાળવવામાં આવેલી, આમ જે તે વિષય-અંતર્ગત અભ્યાસપૂર્ણ દૃષ્ટિકોણ ત્રીસ મિનિટમાં વ્યક્ત થયા બાદ, ઉપસ્થિત અન્ય અભ્યાસુઓની પૂરક ચર્ચા માટે ત્રીસ મિનિટ ફાળવવામાં આવી હતી.

• ગુજરાતી સાહિત્ય પરિષદ અને ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નૉલોજી, ચાંગાના સંયુક્ત ઉપક્રમે શ્રી હરિનારાયણ આચાર્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. ભવભૂતિ પારાશર્યએ 'જળપ્લાવિત વિસ્તારો, તેના પક્ષી-સમુદાયો તથા તેનું સંરક્ષણ' વિષય પર તા. ૨૪-૩-૨૦૧૮ના રોજ બપોરે ૨-૧૫ કલાકે ઑડિટોરિયમ, નર્સિંગ બિલ્ડિંગ, ચારુસેટ કૅમ્પસ, નડિયાદ-પેટલાદ સ્ટેટ હાઈવે, ચાંગામાં વક્તવ્ય આપ્યું હતું. જેમાં આશરે ૧૨૫ વિદ્યાર્થીઓ તથા ૨૫ પ્રકૃતિપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મ. ગ્રંથાલયના ૩૯મા સ્થાપના દિન નિમિત્તે તા. ૧૭-૩-૨૦૧૮ના રોજ સવારે ૧૧ થી ૬ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધનભવનમાં અલભ્ય પુસ્તકો અને અદેય સામયિકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં માતૃભાષાના અલભ્ય એવાં ૧૫૦૦ પુસ્તકો અને ૭૮ સામયિક ગ્રંથોનું પ્રદર્શન યોજાયું હતું.

## ફિલ્મ-શો

પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયના ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એ અંતર્ગત ૨૬-૨-૨૦૧૮ના રોજ અમદાવાદના સ્થાપના દિવસ નિમિત્તે ડૉ. માણેક પટેલ 'સેતુ' દ્વારા તૈયાર કરાયેલી 'વેલકમ ટુ અમદાવાદ' ડોક્યુમેન્ટ્રી દર્શાવવામાં આવી. જેમાં શ્રી પ્રણવાનંદ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને અમદાવાદ વિશે અવનવી વિગતો જાણી હતી. કાર્યક્રમ માટે સ્વામી શ્રી ધર્મેન્દ્રજી, શાળાના આચાર્ય, શિક્ષકવૃંદ સહિત ચી. મં. ગ્રંથાલયના ગંગારામ વાઘેલા અને સ્નેહલ ચૌધરીએ ખાસી જહેમત ઉઠાવી હતી. તા.૨૮-૨-૨૦૧૮ના રોજ શારદા મંદિર શાળામાં ધો.૯ અને ધો. ૧૧ના ૫૦૦ વિદ્યાર્થીઓને આ ડોક્યુમેન્ટ્રી દર્શાવવામાં આવી હતી.

ચી.મં. ગ્રંથાલયના સ્થાપના દિન નિમિત્તે અલભ્ય પુસ્તકો અને અલભ્ય સામયિકોનું પ્રદર્શન : તા.૧૭ માર્ચ ૧૯૮૦ના રોજ સ્થપાયેલા ચી.મં. ગ્રંથાલયના ૩૯મા સ્થાપના દિન નિમિત્તે અલભ્ય પુસ્તકો અને અલભ્ય સામયિકોનું પ્રદર્શન યોજાયું હતું. ૧૫૦૦ અલભ્ય પુસ્તકો અને ૭૮ અલભ્ય સામયિકોના આ એક દિવસીય પ્રદર્શનનો લાભ લેવા વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહિત શહેરના ઘણાં પુસ્તકપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અનુદિત પુસ્તકોનું પ્રદર્શન

આગામી ૧૭મી એપ્રિલ, ૨૦૧૮થી ૨૧મી એપ્રિલ સુધી ચી. મં. ગ્રંથાલયમાં ગુજરાતીમાં અનુદિત પુસ્તકોનું પ્રદર્શન યોજાનાર છે. જેનો સૌ સાહિત્ય રસિકોને લાભ લેવા વિનંતી.

• ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના કાર્યકારી નિયામક શ્રી પારુલ કંદર્પ દેસાઈના માર્ગદર્શન હેઠળ શ્રી વિભા ત્રિવેદીએ 'નવમા અને દસમા દાયકાની નવલકથાઓમાં સધાયેલાં પરિવર્તનો' વિષય પર અને શ્રી ગૌતમ વાઘેલાએ 'ગુજરાતી લઘુકથા : એક સ્વાધ્યાય' (દસ મહત્ત્વના લઘુકથાકારોના સંદર્ભમાં) વિષય પર મહાનિબંધ લખીને પીએચ.ડીની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

૨૦૧૬ અને ૨૦૧૭નાં બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને ૩૦-૬-૨૦૧૮ સુધીમાં દરેક પુસ્તકની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦૧૬-૨૦૧૭ના પારિતોષિકો**
**કુલ પારિતોષિકો : ઓગણીસ**

**ક્રમ વિષય આવરી લેવામાં આવેલાં પારિતોષિકની વિગતો**

૦૧ **નાટક** (એકાંકી સહિત) પારિતોષિક :

[**શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી મહેન્દ્ર ભગત પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નાટ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૨ **કવિતા** (ગઝલ, ગીત, સૉનેટ, અને તમામ પ્રકારો) પારિતોષિક :

[**ઉશનસ્ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૩ **નવલકથા** (લઘુનવલ સહિત) પારિતોષિક :

[**શ્રી દોલત ભટ્ટ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી વર્ષદીઠ એક-એક સર્વશ્રેષ્ઠ નવલકથાઓને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૪ **ટૂંકીવાર્તા** (લઘુકથા સહિત) પારિતોષિક :

[**શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૫ **નિબંધ અને હાસ્ય** (જીવનચરિત્ર, રેખાચિત્રો, પ્રવાસ, સંસ્મરણ, હાસ્ય) પારિતોષિક :

[**શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

[**શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૬ **બાળ-કિશોર સાહિત્ય પારિતોષિક :**

[**શ્રી નટવરલાલ માળવી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી રમણલાલ સોની (બાળ-કિશોરસાહિત્ય) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૭ **વિવેચન પારિતોષિક :**

[**ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એક-એક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૮ **પ્રથમ સર્જનાત્મક પુસ્તક** (તમામ સાહિત્ય પ્રકારો) પારિતોષિક :

[**શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક (કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**ધનરાજ કોઠારી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭ દરમિયાન પ્રથમ સર્જનાત્મક પુસ્તક માટે.]

૦૯ **મહાનિબંધ પારિતોષિક :**

[**ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૦ **લેખિકા** (અનુવાદ સહિત તમામ પ્રકારો) પારિતોષિક :

[**શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક :** ૨૦૧૬ અને ૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને અથવા ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા કવયિત્રી-રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૧ **અનુવાદ પારિતોષિક :**

[**શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૨ **અધ્યાત્મ, ચિંતન, તત્ત્વદર્શન, ફિલૉસોફી, માનવતાલક્ષી સાહિત્ય પારિતોષિક :**

[**શ્રી અરવિન્દ (સુવર્ણચંદ્રક) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી સદ્‌વિચાર પરિવાર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૩ **શિક્ષણ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન ઈત્યાદિ પારિતોષિક :**

[**શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા શિક્ષણ-વિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સમાજ, શિક્ષણ વગેરે વિશેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૪ **સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, સાહિત્યશાસ્ત્ર પારિતોષિક :**

[**શ્રીરામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સાહિત્યશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૫ **'પરબ'માં પ્રકાશિત શ્રેષ્ઠ પદ્ય રચના પારિતોષિક :**

[**સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન' પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૬ **'પરબ'માં પ્રકાશિત શ્રેષ્ઠ ગદ્ય રચના પારિતોષિક :**

[**શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યાપ્રેરિત પારિતોષિક :** ૨૦૧૭-૨૦૧૮ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક.

**શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન પારિતોષિક :** ૨૦૧૭-૨૦૧૮ (‘પરબ’ પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક.

**શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પારિતોષિક :** ૨૦૧૭-૨૦૧૮ (‘પરબ’ પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક.]

૧૭ **શ્રેષ્ઠ ચર્ચાપત્રી પારિતોષિક :**

[**ડૉ. બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક :** આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી.]

૧૮ **ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક :**

[**શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૯ **ડાયસ્પોરા સાહિત્ય પારિતોષિક :**

[**ગુજરાત દર્પણ પારિતોષિક :** (દરિયાપારના સાહિત્યકારો માટે) ૨૦૧૧-૨૦૧૪-૨૦૧૫નાં ત્રણ વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નવલકથાના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

♐ ગુજરાતી સાહિત્ય પરિષદની તા. ૨૩-૭-૨૦૧૭ની મધ્યસ્થ સમિતિની બેઠકના ઠરાવ ક્રમાંક : ૫ (૧) અને તા. ૧૬-૧૧-૨૦૧૭ની કાર્યવાહક સમિતિની બેઠકના ઠરાવ ક્રમાંક : ૬ મુજબ સમન્વિત (Clubbing) કરેલાં પારિતોષિકો.

❑


## સંદર્ભ સહાયકો જોઈએ છે

ગુજરાતીમાં સ્નાતક/અનુસ્નાતક પદવી ધરાવતા, ભાષાની ચોકસાઈવાળા તેમજ ગુજરાતીમાં કંપોઝ કરવાની તાલીમ પામેલાઓએ અરજી કરવી.

**સંપર્ક : ગુજરાતી સાહિત્ય પરિષદ,**

ટાઈમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમ રોડ,

અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૭૬૩૭૧

ઈમેઈલ : gspamd@vsnl.net